ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
મંગળવાર ૨૩ જુન, ૨૦૨૬



આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!

# આસપાસ ચોપાસ



## સુવિધાઓથી સજ્જધજતું અગ્રેસર વિકસીત ગામ જલુંધ

# પાંચસોથી વધુ વર્ષોથી જલંધર જોગીની તપોભૂમિ તરીકે જાણીતું, ગ્રામજનોની આસ્થાનું ઉદભવ સ્થાન એટલે જલુંધ ગામ




**અનેક શ્રદ્ધાળુઓ જલંધર જોગીના ટેકરા પર માથું ટેકવી આશીર્વાદ મેળવે છે**

ખંભાત તાલુકાનું જલુંધ ગામ માત્ર ઐતિહાસિક ઓળખ માટે જ નહીં, પરંતુ પોતાની ધાર્મિક અને આધ્યાત્મિક પરંપરાને કારણે સમગ્ર પંથકમાં વિશેષ સ્થાન ધરાવે છે. ગામ અંગે પ્રચલિત લોકમાન્યતા અનુસાર પ્રાચીન સમયમાં જલંધર નામના એક તપસ્વી જોગીએ અહીં કઠોર તપસ્યા કરી હતી. ગામની સીમમાં આવેલું સ્થળ આજે પણ “જલંધર જોગીનો ટેકરો” તરીકે ઓળખાય છે, જ્યાં ગ્રામજનો અખૂટ શ્રદ્ધા સાથે દર્શન અને પૂજન માટે પહોંચે છે.

જલુંધ ગામના વયોવૃદ્ધોના જણાવ્યા મુજબ આ પવિત્ર સ્થાન પાંચસોથી વધુ વર્ષોથી સતની ભૂમિ તરીકે ઓળખાય છે. પેઢી દર પેઢી ચાલતી આવતી આ લોકમાન્યતાએ ગામની સાંસ્કૃતિક ઓળખને જીવંત રાખી છે. ગ્રામજનોનું માનવું છે કે જલંધર જોગીની તપસ્યાના પવિત્ર પ્રભાવથી આ ભૂમિ ધન્ય બની હતી અને આજે પણ અહીં પૂજા-અર્ચના કરવાથી મનની શાંતિ તથા આધ્યાત્મિક શક્તિની અનુભૂતિ થાય છે. સમય જતાં જલંધર જોગીના નામ પરથી જ ગામનું નામ “જલુંધ” પડ્યું હોવાનું લોકવર્તમાનમાં માનવામાં આવે છે. ભલે આ અંગે સત્તાવાર ઐતિહાસિક દસ્તાવેજો ઉપલબ્ધ ન હોય, પરંતુ લોકપરંપરા અને વડીલોના મૌખિક ઇતિહાસમાં આ માન્યતા આજે પણ અડગ છે. દર વર્ષે અનેક શ્રદ્ધાળુઓ જલંધર જોગીના ટેકરા પર માથું ટેકવી આશીર્વાદ મેળવે છે. ગ્રામજનો આ પવિત્ર સ્થળની સ્વચ્છતા અને જાળવણીમાં પણ સહભાગી બની તેની પવિત્રતા જાળવી રાખે છે. જલુંધ ગામની આ આસ્થા, લોકવારસા અને ધાર્મિક પરંપરા આગામી પેઢી સુધી અવિરત જળવાઈ રહે તે માટે ગામલોકો સતત પ્રયત્નશીલ છે.

## જલુંધ ગામના વતની સંજયકુમાર ઠાકોર અને સાહિલકુમાર ઠાકોર આંતરરાષ્ટ્રીય કબડ્ડીના ઓલરાઉન્ડર રમતવીર



ઈંગ્લેન્ડ કબડ્ડી એસોસિએશન (EKA) તથા મેજર કબડ્ડી લીગ (MKL) માટે સત્તાવાર ખેલાડી તરીકે ગુજરાત રાજ્યના ત્રણ ખેલાડીઓની પસંદગી કરવામાં આવી છે. આ માટે તાજેતરમાં જ કરાર પર ગુજરાત રાજ્યના ત્રણ ગૌરવવંતા ખેલાડીઓએ હસ્તાક્ષર કર્યા છે. આ ત્રણ ખેલાડીઓ પૈકી બે ખેલાડીઓ સંજયકુમાર નારણભાઈ ઠાકોર અને સાહિલકુમાર રાયસંગભાઈ ઠાકોર બન્ને જલુધ તા. ખંભાત જી આણંદના વતની છે. આ કરાર હેઠળ તેઓ સૌ પ્રથમ વખત ઈંગ્લેન્ડ ખાતે આયોજિત મેજર કબડ્ડી લીગ મેચ તેમજ એસોસિએશન દ્વારા નિર્ધારિત નિયમો અને શરતોનું પાલન કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે આ ખેલાડીઓ ભારતીય નાગરિક છે. તેઓ હાલમાં લંડનમાં વસવાટ કરે છે. કરાર હેઠળ ખેલાડીએ લીગની તમામ મેચો, તાલીમ શિબિરો, પ્રચારાત્મક કાર્યક્રમો અને સત્તાવાર પ્રવૃત્તિઓમાં સક્રિય રીતે ભાગ લેવાનો છે. સાથે જ શારીરિક તંદુરસ્તી જાળવવી, ઇજાઓ અથવા આરોગ્ય સંબંધિત સમસ્યાઓની જાણ કરવી તેમજ રમતના નિયમો અને આચારસંહિતાનું પાલન કરવું ફરજિયાત કરાયું છે. કરારમાં આરોગ્ય અને સલામતીને પણ મહત્વ આપવામાં આવ્યું છે. ખેલાડીએ જરૂર પડે ત્યારે તબીબી તપાસ કરાવવાની રહેશે અને ઇજા થવા પર તાત્કાલિક જાણ કરી તબીબી સલાહનું પાલન કરવાનું રહેશે. ડોપિંગ, મેચ ફિક્સિંગ, સટ્ટાબાજી, ભેદભાવપૂર્ણ વર્તન, ગેરવર્તન અથવા રમતવિરોધી પ્રવૃત્તિઓ સામે નિયમો નક્કી કરવામાં આવ્યા છે. મીડિયા અને પ્રચાર સંબંધિત જોગવાઈઓ અનુસાર ખેલાડીએ પોતાના નામ, તસવીર અને ઓળખનો ઉપયોગ એસોસિએશનને પ્રચાર માટે કરવાની મંજૂરી આપી છે. જરૂર પડે ત્યારે મીડિયા કાર્યક્રમોમાં પણ હાજરી આપવાની રહેશે. સંજયકુમાર ઠાકોર અને સાહિલ ઠાકોર "લેફ્ટ કોર્નર (ઓલરાઉન્ડર)" તરીકે ઈંગ્લેન્ડ કબડ્ડી ટીમ માટે પસંદગી પામ્યા છે. આ કરાર તેમના માટે આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની પ્રતિભા દર્શાવવાની મહત્વપૂર્ણ તક સાબિત થશે અને ભારતીય કબડ્ડી માટે પણ ગૌરવની બાબત માનવામાં આવી રહી છે. આંતરરાષ્ટ્રીય સ્પર્ધા માટે ગુજરાતી ખેલાડીઓની પણ પસંદગી કરવામાં આવી છે.

# સેવાભાવથી સમાજસેવાના સિધ્ધાંત સાથે આરવ ફાઉન્ડેશન જલુંધ બની રહ્યું છે માનવતાનુ દ્રષ્ટાંત



**ગામના સેવાભાવી યુવાનોના સહયોગથી આરવ ફાઉન્ડેશન, જલુંધની સ્થાપના કરવામાં આવી છે**

જલુંધ ગામ પોતાની ધાર્મિક અને આધ્યાત્મિક પરંપરા માટે સમગ્ર પંથકમાં આગવી ઓળખ ધરાવે છે. વર્ષોથી ગામમાં સંસ્કાર, ભક્તિ અને પરોપકારની ભાવના પેઢી દર પેઢી વિકસતી રહી છે. આ જ આધ્યાત્મિક સંસ્કારોના સિંચનથી ગામના સેવાભાવી યુવાનોના સહયોગથી આરવ ફાઉન્ડેશન, જલુંધની સ્થાપના કરવામાં આવી છે, જે આજે નિઃસ્વાર્થ સમાજસેવાનું ઉત્તમ ઉદાહરણ બની રહ્યું છે.

આ સંસ્થા કોઈપણ જાતિ, સમાજ કે ધર્મના ભેદભાવ વિના જરૂરિયાતમંદ લોકો સુધી મદદ પહોંચાડવાનું પવિત્ર કાર્ય કરી રહી છે. ખાસ કરીને વયોવૃદ્ધ, નિરાધાર અને આર્થિક રીતે નબળા પરિવારોને તેમના ઘેર સુધી રાશન સહિતની આવશ્યક જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ પહોંચાડવામાં આવે છે. સાથે જ જીવદયાની ભાવનાને કેન્દ્રમાં રાખીને નિરાધાર અને ઈજાગ્રસ્ત પ્રાણીઓની સેવા તેમજ જરૂરિયાતમંદ લોકોને શોધી-ખોળીને પોતાના સ્વખર્ચે સહાય પૂરી પાડવાનું કાર્ય પણ સંસ્થા દ્વારા કરવામાં આવી રહ્યું છે. આરવ ફાઉન્ડેશનના યુવાનોનો ઉદ્દેશ માત્ર સહાય પહોંચાડવાનો નથી, પરંતુ સમાજમાં માનવતા, સદભાવ અને પરસ્પર સહકારની ભાવના વધુ મજબૂત બનાવવાનો છે. સેવા એ જ સાચી સાધના છે, તે વિચારને સાકાર કરતાં યુવાનો અનેક લોકો માટે પ્રેરણાસ્ત્રોત બની રહ્યા છે. સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓને ગામ સહિત આસપાસના વિસ્તારોમાંથી પણ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. અનેક દાતાશ્રીઓ અને સેવાભાવી લોકો આ અભિયાન સાથે જોડાઈ સમાજહિતના કાર્યોમાં પોતાનો ફાળો આપી રહ્યા છે. આધ્યાત્મિક સંસ્કારો જ્યારે સેવાભાવ સાથે જોડાય છે ત્યારે સમાજમાં માનવતાની નવી દિશા સર્જાય છે. જલુંધ ગામનું આરવ ફાઉન્ડેશન એ જ વિચારને જીવંત રાખી સેવા, સંવેદના અને સમર્પણનો દીપ પ્રગટાવી રહ્યું છે. નિઃસ્વાર્થ સેવા અને કરુણાભાવના આ પ્રયાસો સમાજ માટે પ્રેરણાદાયી બની અન્ય યુવાનોને પણ સેવાકીય કાર્યો તરફ આગળ વધવા માટે પ્રોત્સાહિત કરી રહ્યા છે.

## જલુંધ ટાઉન ટોક

### -: જલુંધ ગામનો પરિચય :-

| | |
|---|---|
| ગામના કુંટુંબોની કુલ સંખ્યા | 1062 |
| કુલ વસ્તી | 4954 |
| કુલ પુરૂષો | 2578 |
| કુલ સ્ત્રીઓ | 2376 |

### -: સાક્ષરતા દર :-

| | |
|---|---|
| કુલ સાક્ષરતા દર | 81.81 |
| પુરૂષ સાક્ષરતા દર | 89.22 |
| સ્ત્રી સાક્ષરતા દર | 73.75 |

### -: ખેડૂતો :-

| | |
|---|---|
| ખેડૂતો | 449 |
| ખેત મજૂર | 1003 |
| સીમાંત વર્ગ | 38 |

### -: બીપીએલ :-

| | |
|---|---|
| બીપીએલ કુટુંબ (0 થી 16) | 155 |
| બીપીએલ કુટુંબ (17 થી 20) | 301 |

### -: પશુધન :-

| | |
|---|---|
| પશુધન | 3230 |
| ગાય | 1568 |
| ભેંસ | 1260 |
| અન્ય | 402 |

### -: જમીન ક્ષેત્રફળ :-

574 હેક્ટર 70 આરે 34 ચોરસ મીટર
કાયમી ગૌચર અને ચરણ 11 હેક્ટર 34 આરે 55 ચો.મી.

### -: ખેતીપાક :-

1. ડાંગર
2. તમાકુ
3. બાજરી
4. વિવિધ શાકભાજી

### -: શૈક્ષણિક સગવડ :-

| | |
|---|---|
| પ્રાથમિક શાળા | 03 |
| માધ્યમિક શાળા | 01 |
| ઉચ્ચ.માધ્ય. શાળા | 01 |
| વિદ્યાર્થીઓ | 1342 |

### -: પીવાના પાણીની સવલત :-

| | |
|---|---|
| ઘરે ઘરે નળ કનેક્શનની સંખ્યા | 1480 |

### -: વીજળીકરણ :-

| | |
|---|---|
| રહેણાંક વીજ જોડાણ | 1400 |
| ઔદ્યોગિક વિષયક જોડાણ | 00 |
| ખેતી વિષયક જોડાણ | 55 |

### -: એલપીજી ગેસ વ્યવસ્થા :-

| | |
|---|---|
| એલપીજી ગેસ ધારકો | 262 |

### -: સામાજિક સુરક્ષાની વિગતો :-

| | |
|---|---|
| NFSA કાર્ડ ધારકો | 764 |
| BPL કાર્ડ ધારકો | 100 |
| અંત્યોદય કાર્ડ ધારકો | 14 |

### -: રસ્તાની સુવિધા :-

મેટલ રોડ, ડામર રોડ, અને સીમેન્ટ રોડ

### -: યોજનાકીય લાભાર્થીઓ :-

| | |
|---|---|
| વૃદ્ધા પેન્શન | 76 |
| વિધવા સહાય | 220 |
| આર્થિક લાભ મેળવેલ અપંગ વ્યક્તિો | 04 |